

ગરમીથી રાહત - ઉનાળાના આકરા આરંભથી અબોલ પશુ-પક્ષીઓ પણ તોબાતોબા પોકારી ગયા છે... ત્યારે તેમને રાહત આપવા વન તંત્ર દ્વારા તાકિદે પગલા લેવાયા છે... પ્રકૃતિ ઉદ્યાન ખાતેના ફુલ-છોડ અને અબોલ પશુ - પક્ષીઓને ગરમીથી રાહત આપવા નિયમિત રીતે ખસની ટટ્ટી લગાવી પાણીનો છંટકાવ કરાય છે...

# એપ્રીલના આરંભે આગ ઓકતી ગરમી

**બળબળતી ગરમીથી શહેર ત્રસ્ત : પારો ૪૧.૫ ડિ.સે. : બપોરે શહેરના માર્ગો સુમસામ બન્યા : વસાહતીઓ ગરમીમાં પરેશાન**

ગાંધીનગર, તા. ૩

ઉનાળો તેનો આકરો મિજાજ બતાવી રહ્યો છે. આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા હોય તેવો આકરો તડકો પડી રહ્યો છે. મહત્તમ તાપમાન ૪૧.૫ ડિ.સે. પહોંચતા ગરમીની જનજીવન પર અસર જોવા મળી રહી છે.

આ વર્ષે ઉનાળાએ અત્યારથી જ તેનુ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. હજુ તો એપ્રિલ માસ શરૂ થયો છે ત્યાં જ બળબળતી ગરમીએ શહેરને સકંજામાં લઈ લીધુ છે. સવારથી જ તડકો આકરો બની જાય છે. દસ વાગ્યા પછી તો ઘરની બહાર નીકળવુ મુશ્કેલ બની જાય છે. ઉનાળો આકરો બની રહ્યો છે. દિવસે દિવસે ગરમી વધી રહી છે. હવામાનશાસ્ત્રીઓએ કરેલી આગાહી મુજબ જ રાજ્યના ઘણા વિસ્તારોમાં હીટવેવની અસર જોવા મળી રહી છે. ગાંધીનગર પણ તેમાંથી બાકાત નથી. સવારથી પડતો આકરો તડકો બપોર સુધીમાં એકદમ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લે છે. જેના કારણે છેલ્લા બે દિવસથી બપોરના સમયે લૂ ફુંકાઈ રહી છે. મહત્તમ તાપમાન ૪૧.૫ ડિ.સે. સુધી પહોંચી જતાં લૂની અસર તીવ્ર બની હતી. આકરી ગરમી અને લૂની અસરથી બચવા વસાહતીઓએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યુ હતુ. માર્ગો પર વાહનોની અવરજવર સાવ ઓછી થઈ ગઈ હતી. જે એકલદોકલ વાહનચાલકો કે રાહદારીઓ નજરે પડતાં હતા તેઓએ ગરમીથી બચવા માટે ટોપી કે રૂમાલ બાંધ્યા હતા. મહિલાઓએ દુપટ્ટો લપેટવો પડ્યો હતો. આકરા તડકાની અસર શરીર પર થતી હોવાથી વાહનચાલકો અને રાહદારીઓ ઠંડા પીણાનો સહારો લેતા નજરે ચઢ્યા હતા. લઘુત્તમ તાપમાન ૨૩ ડિગ્રીએ પહોંચતા રાત્રે પણ ખૂબ ગરમી અને બફારો અનુભવાતો હતો. ભેજનું પ્રમાણ સવારે ૫૫ ટકા અને સાંજે ૨૮ ટકા રહેતા ગરમીની અસર વધુ જોવા મળી હતી.

# શહેરમાં ભાજપનું પ્રચાર અભિયાન આરંભાયુ

**આપણુ ઘર ભાજપનુ ઘરના સ્ટીકરો સાથે ભાજપના શાસનમાં થયેલા કામોની પત્રિકાનુ વિતરણ**

ગાંધીનગર તા ૩

લોકસભાની ચુંટણીને અનુલક્ષી ગાંધીનગર બેઠક પર ભાજપના રાષ્ટ્રીય નેતા અમિત શાહ મેદાનમાં આવતા ભાજપના સ્થાનિક નેતાઓ તેમજ કાર્યકરોનો ઉત્સાહ બેવડાયો છે. અમિત શાહને જંગી બહુમતીથી જીતાડવા માટે કાર્યકરો પ્રચાર અભિયાનમાં લાગી ગયા છે.આજે વોર્ડ નં -૮ માંથી કાર્યકરોએ પ્રચાર ઝુંબેશ શરૂ કરી હતી. ઘરે ઘરે ભાજપના ઘરના સ્ટીકર લગાવી ભાજપના શાસનમાં થયેલા કામોની યાદીની પત્રિકાનુ પણ વિતરણ કરાયુ હતુ.

લોકસભાની ચુંટણીને અનુલક્ષી મહાનગર ભાજપ દ્વારા ગાંધીનગર શહેરમાં પ્રચાર ઝુંબેશ આજથી શરૂ કરી દેવામાં આવી છે. નગરના પ્રત્યેક વાર્ડમાં પ્રચાર ઝુંબેશ માટે મહાનગર ભાજપ દ્વારા આયોજન કરી દેવાયુ છે. ગાંધીનગરની બેઠક પરથી રાષ્ટ્રીય નેતા અમિત શાહ ચુંટણી મેદાનમાં ઉતર્યા હોવાથી કાર્યકરો તેમજ ભાજપના આગેવાનોનો ઉત્સાહ બેવડાયો છે. અમિત શાહને જંગી બહુમતીથી જીતાડવા માટે પક્ષનો પ્રત્યેક કાર્યકર જી જાન થી પ્રચાર કાર્યમાં લાગી ગયો છે. શહેરમાં ભાજપ દ્વારા સે-૧૬ માં ચુંટણી કાર્યાલયની પણ શરૂઆત કરી દેવામાં આવી છે. જયારે નગરના પ્રત્યેક વોર્ડમાં ચુંટણી પ્રચાર પણ શરૂ કરી દેવાયો છે. જેમાં ઘરે ઘરે ફરીને કાર્યકરો દ્વારા પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આજે વોર્ડ નં -૮ માં મહાનગર ભાજપના આગેવાનો સહીત કાર્યકરો પ્રચાર ઝુંબેશની શરૂઆત કરી હતી. જેમાં શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્ર દાસ , વાડીભાઈ પટેલ , જીગ્નેશ પટેલ , ઉરેન પટેલ સહીતના આગેવાનો પણ જોડાયા હતા. ભાજપના આગેવાનોએ ઘરે ઘરે પહોંચીને વિકાસના કામો તેમજ ભાજપના શાસનમાં થયેલા કામોની પણ આમ નાગરિકોને જાણકારી આપી હતી. જયારે આપણુ ઘર ભાજપનુ ઘરના સ્ટીકરો પણ પ્રત્યેક ઘરે લગાવ્યા હતા. આ પ્રચાર ઝુંબેશ દરમિયાન વોર્ડના કોર્પોરેટરો, આગેવાનો તેમજ શહેર તેમજ સંગઠનના કાર્યકરો પણ જોડાયા હતા. આ પ્રચાર ઝુંબેશ નગરના પ્રત્યેક વોર્ડમાં હાથ ધરાશે. જયારે આગામી દિવસોમાં પ્રત્યેક ઘરે ઘરે ફરીને મતદારોને ભાજપના શાસનમાં થયેલી કામગીરી અંગે જાણકારી અપાશે. તેની યાદીવાળી પત્રિકાઓનુ પણ વિતરણ કરવામાં આવશે. ચુંટણીના દિવસો નજીક આવી ગયા છે. જયારે ઉમેદવારો આખરી થયા બાદ હવે શહેરમાં

● અનુસંધાન પાન-૭ પર

# મતદારોની દષ્ટિએ ગાંધીનગર -નવસારી સૌથી મોટા વિસ્તાર

**મતદારોની દષ્ટિએ દાહોદમાં સૌથી ઓછા મતદાર : રાજ્યમાં સાડાચાર કરોડથી વધુ નોંધાયેલા મતદાર**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર સાંસદીય મતવિસ્તાર એ રાજ્યમાં સૌથી વધુ મતદારો ધરાવતી રાજ્યના બીજા નંબરનો મતવિસ્તાર બનેલ છે.

રાજ્યમાં નોંધાયેલા મતદારો અંગે આજે રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી ડૉ. મુરલી ક્રિષ્ણા દ્વારા વિગતો આપવામાં આવી હતી. જેમાં રાજ્યમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૪ કરોડ, ૫૧ લાખ, ૨૫ હજાર ૬૮૦ છે.

જેમાં પુરૂષ મતદારોની સંખ્યા ૨ કરોડ ૩૪ લાખ ૨૮ હજાર ૧૧૯ છે તો મહિલા મતદારોની સંખ્યા ૨ કરોડ ૧૬ લાખ, ૯ હજાર ૫૭૧ છે. ત્રીજી જાતિના મતદારોની સંખ્યા ૯૯૦ છે.

સૌથી વધુ મતદારો દ. ગુજરાતની નવસારી બેઠક પર નોંધાયેલા છે. જ્યાં મતદારોની સંખ્યા ૧૯ લાખ ૭૧ હજાર ૪૬૫ છે. આ પછી બીજા ક્રમે ગાંધીનગર આવે છે.

ગાંધીનગર સાંસદીય મતવિસ્તારમાં નોંધાયેલા મતદારો ૧૯ લાખ ૪૫ હજાર ૧૪૯ છે જેમાં પુરૂષ મતદારોની સંખ્યા ૧૦ લાખ ૩ હજાર ૭૦૭ છે જ્યારે મહિલા મતદારોની સંખ્યા ૯ લાખ ૪૧ હજાર ૩૯૫ છે. ત્રીજી જાતિના મતદારોની સંખ્યા ૪૭ છે.

૬ સંસદીય મતવિસ્તારોમાં ૧૮ લાખથી વધુ મતદારો નોંધાયેલા છે. નવ સંસદીય મતવિસ્તારોમાં ૧૬ લાખથી વધુ નોંધાયેલા મતદારો છે. ૮ મત વિસ્તારોમાં ૧૭ લાખથી વધુ મતદારો નોંધાયેલા છે જ્યારે દાહોદ એ મતદારોની દષ્ટિએ સૌથી નાનો સંસદીય મતવિસ્તાર છે જ્યાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૫ લાખ ૯૭ હજાર ૮૭૦ છે.



પાણીની પરબ - આકરા ઉનાળામાં પાણીની તરસ છીપાવવા શહેરમાં ઠેર ઠેર પરબો બંધાઈ છે... મોટી સંસ્થાઓ અને મોટા મોટા દાતાઓ તો દર ઉનાળે પરબો મંડાવે એ સ્વાભાવિક અને સહજ છે... પરંતુ સેક્ટર-૧૬માં નાનકડો પાનનો ગલ્લો ધરાવતા પૂંજાભાઈએ પાણીની પરબ ઉભી કરી ઉમદા સામાજીક સેવાનું ઉદાહરણ પુરું પાડ્યું છે....

# પાસના બાંભણીયા સામે ૭૩ કરોડની વેટચોરીની ફરિયાદ

**વેટવિભાગે બાંભણીયાની કંપનીને નોટિસ ફટકારી : રાજકોટ એ ડિવીઝનમાં પોલીસ ફરિયાદ**

અમદાવાદ,તા.૩

પાટીદાર આંદોલન દરમિયાન અગ્રેસર ભૂમિકા ભજવનાર પાસ અગ્રણી દિનેશ બાંભણિયા વિરૂધ્ધ રૂ ૭૩.૨૫ કરોડનો વેટ નહીં ભરવાના મામલે વેટ અધિકારીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે જેના કારણે પોલીસ વિભાગ દ્વારા તેમની શોધખોળ શરૂ કરવામાં આવી છે. રાજકોટ એ ડિવીઝન પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ શરૂ કરવામાં આવી છે. વેટ વિભાગના અધિકારી

● અનુસંધાન પાન-૭ પર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


# ગાંધીનગર બેઠક પર વધુ ૪ અપક્ષ ઉમેદવારોએ જંગમાં ઝુકાવ્યુ

**ફુલ ૧૫ ફોર્મ ભરાયા : આજ સુધી ૯૪ ઈચ્છુકો ફોર્મ લઈ ગયા છે : આજે છેલ્લો દિવસ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર લોકસભા બેઠક માટે આજે વધુ ૪ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આ સાથે આ બેઠક પર અત્યાર સુધીમાં નોંધાયેલા ઉમેદવારોની સંખ્યા ૧૫ થઈ છે.

આજે જે ૪ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે તે બધાજ ઉપક્ષ ઉમેદવારો છે. ઉમેદવારી પત્ર ભરવાનો ગુરૂવાર એ છેલ્લો દિવસ હોઈ ભારે રસ થશે તેમ મનાઈ રહ્યુ છે જોકે તંત્રે બધી જ તૈયારીઓ કરી રાખી છે જેથી કોઈ તકલીફ ઉભી થાય નહિ.

ઉમેદવારી પત્ર ભરનારાઓમાં આજે એક લઘુમતિ સમાજના અગ્રણી પણ હતા. આજે જેમની ઉમેદવારી નોંધાવી છે તેમાં અમીત ભારતી મહેન્દ્ર ભારતી ગોસ્વામી, ઠાકોર જીતેન્દ્રકુમાર બચુજી, કોળી પટેલ (મેર) નવઘણભાઈ મંગાભાઈ અને વ્હોરા અલીમ મહમદ રાજાભાઈનો સમાવેશ થાય છે.

દરમ્યાન આ જંગમાં ઝુકાવવા ઈચ્છુક વધુ ૧૪ જેટલા આગેવાનો ઉમેદવારી પત્ર લઈ ગયા છે. આ સાથે આ બેઠક માટે આજ સુધીમાં કુલ ૯૪ ઉમેદવારીપત્ર ગયા છે પરંતુ ભરાઈને માત્ર ૧૭ જ આવ્યા છે.

ભાજપના અમીત શાહ તેમજ વાડીભાઈ પટેલે બે-બે ઉમેદવારી પત્રના સેટ રજુ કર્યા છે.

ઉમેદવારી પત્ર ભરવાનો આજે બપોરે ૩ વાગ્યા સુધીનો સમય છે. તંત્ર દ્વારા આ માટેની પુરતી તૈયારી કરી લેવામાં આવી છે.

૫ મીએ ઉમેદવારી પત્રોની ચકાસણી થશે અને ૮મી સુધીમાં ઉમેદવારીપત્રો પાછા ખેંચી શકાશે. આ પછી ચૂંટણી જંગનું ચિત્ર સ્પષ્ટ થશે. જે રીતે ફોર્મ ગયા છે અને અત્યાર સુધીમાં ૧૫ ફોર્મ ભરાયા છે તે જોતાં આ બેઠક પર બહુકોણીય જંગ ખેલાશે તે નિશ્ચિત બન્યું છે.

રાજકીય વર્તુળોમાં ચર્ચા ચાલી છે કે ૨૦૧૪ જેટલા ઉમેદવારો જંગમાં રહેશે કે તેથી વધુ થશે તેના પર સૌની નજર મંડાયેલી છે.

# સ્ટેટીક સર્વેલન્સ ટીમે દહેગામના ભાદરોડા ખાતે એક કારમાંથી ૧૩ લાખથી વધુની રોકડ પકડી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા સ્ટેટીક સર્વેલન્સ ટીમે દહેગામ તાલુકાના ભાદરોડા ખાતેથી એક કારમાં લઈ જવાતા રૂ. ૧૩.૯૯ લાખ જેટલી રોકડ રકમ પકડી અને આગળની તપાસ ઈન્કમટેક્ષ વિભાગને સોંપવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ગઈકાલે રાત્રે ૭.૩૦ વાગ્યાના સુમારે ભાદરોડા ચેકપોષ્ટ પર વાહનોની તપાસ દરમ્યાન એક ખાનગી કારમાંથી આ રકમ મળી

**વેપારી અને સહકારી સંસ્થા સાથે સંકળાયેલી વ્યક્તિ હોવાનું જણાવ્યું : ઈન્ટમટેક્ષ વિભાગે તપાસ આરંભી**

આવી હતી.

સર્વેલન્સ ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી ત્યારે કારમાં સવાર દ્વારા ખુલાસાઓ બરાબર કરાયા ન હતા. આ પછી કારમાં સવાર વ્યક્તી રાજકીય પક્ષ સાથે જોડાણ નહિ ધરાવતી હોવાનુ જણાતાં ઈન્કમટેક્ષ વિભાગને રૂ.

● અનુસંધાન પાન-૭ પર

# વિધાનસભા પોડીયમમાં પૂ. રવિશંકરની પ્રતિમા મુકવા વસાહત મહામંડળની માંગ

ગાંધીનગર તા ૩

વિધાનસભા ગૃહના પોડીયમમાં પુ રવિશંકર મહારાજની પ્રતિમાને પ્રસ્થાપિત કરવા માટે શહેર વસાહત મહામંડળ દ્વારા વર્ષોથી રજુઆત કરવામાં આવી રહી છે. આમછતા આ રજુઆતને ન્યાય મળતો ન હોવાનો રોષ પણ મહામંડળે વ્યકત કર્યો છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ ગુજરાત વિધાનસભાની પ્રથમ બેઠકતા ૧૮ ઓગષ્ટ ૧૯૬૦ ના રોજ સવારે ૮ :૩૦ કલાકે વિધાનસભા ગૃહમાં ગુજરાતના મુક સેવક પુ રવિશંકર મહારાજના સાનિધ્યમાં એક સમારંભ યોજવામાં આવ્યો હતો. સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી વેળાએ પણ તેમની તસવીરનો સન્માનિત કરવામાં આવી હતી. જયારે ગુજરાતના આ મુક સેવકની તસવીરને વિધાનસભાના પોડીયમમાં પણ સ્થાન મળે તેવી લોકલાગણી પણ પ્રબળ બની હતી. જેના અનુસંધાને અગાઉ અધ્યક્ષને પણ રજુઆત કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી આ અંગે કોઈ કાર્યવાહી થઈ નથી. લોકલાગણીને ધ્યાને લઈ આ રજુઆત અન્વયે ત્વરિત નિર્ણય લેવાય તેવી માંગણી પણ મહામંડળે વ્યકત કરી છે.

# કોંગ્રેસના વધુ ૬ ઉમેદવારો જાહેર : બે નામ હજુ બાકી

**દાહોદ અને ભરુચ બેઠકને લઇને સસ્પેન્સ : ખેડામાંથી બિમલ શાહને અને ભાવનગરમાં મનહર પટેલ મેદાનમાં : બનાસકાંઠાથી પરથી ભટોળ**

ગાંધીનગર,તા. ૩

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો પર ચૂંટણીને લઈને ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારો જાહેર કરવાની પ્રક્રિયા જારી રહી છે. આજે મોડી રાત્રે કોંગ્રેસ દ્વારા વધુ ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા હતા. સાબરકાંઠા બેઠક પરથી રાજેન્દ્ર ઠાકોરને ટિકિટ આપવામાં આવી છે જ્યારે ખેડા બેઠક પરથી બિમલ શાહને ટિકિટ આપવામાં આવી છે. ભાવનગર બેઠક પરથી મનહર પટેલ ચૂંટણી મેદાનમાં ઉતરશે. સુરત બેઠક પરથી અશોક અધેવાડાને ટિકિટ આપવામાં આવી છે જ્યારે બનાસકાંઠા બેઠક પરથી પરથી ભટોળને ચૂંટણી મેદાનમાં ઉતરી રહ્યા છે. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીના નેતૃત્વમાં યોજાયેલી બેઠક બાદ ગુજરાતના કોંગ્રેસના વધુ છ ઉમેદવારના નામ જાહેર કરાયા હતા. પરેશ ધાનાણી પહેલાથી જ નક્કી હતા પરંતુ આજે તેમના નામની સત્તાવાર જાહેરાત થઈ હતી. નવા નામની સાથે જ કોંગ્રેસે હજુ સુધી ૨૪ ઉમેદવારના નામ જાહેર કરી દીધા છે. બે બેઠકોને લઈને હજુ પણ દુવિધા છે. આજે મોડી સાંજે દિલ્હીમાં કોંગ્રેસ હાઈકમાન્ડના નેજા હેઠળ કોંગ્રેસના રાષ્ટ્રીય દિગ્ગજ નેતાઓની બેઠકમાં લોકસભા ચૂંટણીને લઈ કોંગ્રેસના વધુ કેટલાક ઉમેદવારોના નામો જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ગુજરાતની લોકસભા બેઠકો માટે કોંગ્રેસ તરફથી વધુ ૬ ઉમેદવારોના નામો જાહેર કરાયા હતા.

ગાંધીનગર બેઠક પર ભાજપના દિગ્ગજ નેતા અમિત શાહની સામે કોંગ્રેસ દ્વારા પહેલેથી અપેક્ષા મુજબ, અનુભવી સી.જે.ચાવડાને મેદાનમાં ઉતાર્યા છે તો, અમરેલીથી વિપક્ષના નેતા એવા કોંગ્રેસના યુવા નેતા પરેશ ધાનાણીને ટિકિટ આપ્યા બાદ ધાનાણીએ આજે ઉમેદવારીપત્ર દાખલ કર્યા હતા. અત્યારસુધીમાં કોંગ્રેસ દ્વારા આજના ૬ મળી કુલ ૨૪ ઉમેદવારોના નામની જાહેરાત કરી દેવાઈ છે અને હવે બે ઉમેદવારોના નામ બાકી રહ્યા છે, જેની જાહેરાત કલાકોના ગાળામાં જ કરવામાં આવી શકે છે. ગુજરાતના વધુ ૬ ઉમેદવારોના નામો જાહેર થતાં કોંગ્રેસમાં ભારે ચર્ચા અને ઉત્તેજનાનો માહોલ છવાયો હતો.


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર
(૧) વર્ષમાં છ ઉત્તમ કાર્યક્રમ તથા એક ભોજન સમારોહ. પાંચ ફિલ્મ સંગીત પર આધારિત અને એક હાસ્ય રસનો કાર્યક્રમ
(૨) સર્વને પોષાય તેવી સભ્ય ફી.
(૩) સાત્વિક અને છતાંય રાજી થવાય તેવું મનોરંજન આપતી સંસ્થા.
૨૦૧૯-૨૦ ના વર્ષનું સભ્યપદ મેળવીને આ કાર્યક્રમમાં પણ સામેલ થઈ શકાય.
સંસ્થાનું સભ્યપદ મેળવવા માટે બાજુમાં દર્શાવેલ સ્થળે અથવા મોબાઈલ નંબરથી સંપર્ક કરવો. આગામી કાર્યક્રમનું નિમંત્રણ કાર્ડ મેળવવા સત્વરે સભ્યપદ મેળવી લેવું.
સૌથી ઓછી સભ્ય ફી કપલ દીઠ રૂા.૧૬૦૦/- (વાર્ષિક) સભ્ય ફી એક વ્યક્તિના રૂા.૧૦૦૦/- (વાર્ષિક)
"યે રાત ભીગી ભીગી"
હિન્દી ફિલ્મોના સુવર્ણ યુગમાં દિગ્ગજ સંગીતકારો દ્વારા તૈયાર થયેલા કર્ણપ્રિય અને સર્વપ્રિય ગીતોનો કાર્યક્રમ-મુંબઈના કલાકારોની સંગાથે
મયુર સોની
તારીખ: ૫મી એપ્રિલ, ૨૦૧૯, શુક્રવાર | સમય: રાત્રે ૯-૧૫ | સ્થળ: ટાઉન હોલ, ગાંધીનગર
અમૃતા પાટીલ-મુંબઈ, શ્રીજીત ચક્રવર્તી-મુંબઈ, નાનુ ગુર્જર-મુંબઈ, કોમલ કાણકિયા-પુના, પ્રિયંકા બાસુ-અમદાવાદ
સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :
(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩/૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેક્ટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) ડૉ. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૩) નવા સચિવાલય : શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૯૦૦૪, શ્રી પરાગ શુક્લ (મો) ૯૯૭૮૪૦૫૯૪૩, શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૪) જૂના સચિવાલય : શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬, શ્રી રસિક લિંબાચિયા (મો) ૯૬૨૪૯૧૯૧૯૭
(૫) વાવોલ : શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૮૨૧૬૬, શ્રીમતી પ્રીતિ મહેતા (મો)૭૦૪૮૮૫૫૬૩૭
(૬) ગુજરાત વિદ્યુત બોર્ડ : શ્રીમતી પરમજીત કૌર (મો) ૮૩૪૭૪૩૧૯૦૦
(૭) શ્રી હરેશ ઠાકર (મો.) ૯૪૨૭૩ ૧૭૪૪૯
(૮) શ્રીમતી આરતી ભટ્ટ (મો.)૯૯૨૫૦ ૯૭૦૭૮
(૯) ડૉ. ચેતના બુચ (મો.) ૯૮૨૫૮ ૧૬૦૧૮
આવો... આજે જ સભ્યપદ રીન્યુ કરાવીને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...
મનોજ શુક્લ મહામંત્રી ૯૮૨૫૮૭૯૫૨૯ | રમેશ પટેલ પ્રમુખ ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)
સૌજન્ય : કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી. સેક્ટર-૨૮, ગાંધીનગર. કેપિટલ ઓફસેટ, ૬૦૩-૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com